Extra No. 197

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LVI ] MONDAY, NOVEMBER 2, 2015/KARTIKA 11, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨જી નવેમ્બર, ૨૦૧૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના** **તારીખ : ૩૧મી જુલાઈ, ૨૦૧૫**-ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએચએસએચ-૪-૨૦૧૫-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫૦-છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. ચાવડા,**
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Assistant Teacher, Class III, in the Blind School, Deaf and Dumb School for Children, Home for Crippled Children and Home for Mentally Deficient Children Recruitment Rules, 2015.**

**અંધ બાળકો માટેની શાળા, બહેરા અને મૂંગા બાળકો માટેની શાળા, અપંગ બાળકો માટેના ગૃહ અને માનસિક ખામીવાળા બાળકો માટેના ગૃહમાં મદદનીશ શિક્ષક, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી**

**જાહેરનામું**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જુલાઈ, ૨૦૧૫.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ જીએચ-એસએચ-૪-૨૦૧૫-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫૦-છઃ-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરીની તાબાની સેવામાં, અંધ બાળકો માટેની શાળા, બહેરા અને મૂંગા બાળકો માટેની શાળા, અપંગ બાળકો માટેના ગૃહ અને માનસિક ખામીવાળા બાળકો માટેના ગૃહમાં મદદનીશ શિક્ષક, વર્ગ-૩ ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો અંધ બાળકો માટેની શાળા, બહેરા અને મૂંગા બાળકો માટેની શાળા, અપંગ બાળકો માટેના ગૃહ અને માનસિક ખામીવાળા બાળકો માટેના ગૃહમાં મદદનીશ શિક્ષક, વર્ગ-૩, ભરતી નિયમો ૨૦૧૫ કહેવાશે.

૨. સમાજ સુરક્ષા નિયામકની કચેરીની તાબાની સેવામાં, અંધ બાળકો માટેની શાળા, બહેરા અને મૂંગા બાળકો માટેની શાળા, અપંગ બાળકો માટેના ગૃહ અને માનસિક ખામીવાળા બાળકો માટેના ગૃહમાં મદદનીશ શિક્ષક, વર્ગ-૩ની જગા ઉપરની નિમણૂંક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૨ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ. :

પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૨) (ક) અંધ બાળકો માટેની શાળા માટે,-

ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્પેશ્યલ બી. એડ. (દ્રષ્ટિવિષયક અશક્તતા) પદવી ધરાવતો હોવો જોઈશે અથવા ભારત પુનર્વસવાટ પરિષદ (Rehabilitation Council of India) દ્વારા માન્ય થયેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશ્યલ એજ્યુકેશન (દ્રષ્ટિવિષયક અશક્તતા)માં ડિપ્લોમાં ધરાવતો હોવો જોઈશે.

(ખ) બહેરા અને મૂંગાની શાળા માટે,-

ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્પેશિયલ બી. એડ. (શ્રવણશક્તિની અશક્તતા)-ની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા ભારત પુનર્વસવાટ પરિષદ (Rehabilitation Council of India) એ માન્ય કરેલી સંસ્થામાંથી સ્પેશ્યલ એજ્યુકેશન (શ્રવણશક્તિની અશક્તતા) માં મેળવેલ ડિપ્લોમાં ધરાવતો હોવો જોઈશે;

(ગ) મંદ બુદ્ધિના બાળકો માટેનું ગૃહ,-

ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્પેશ્યલ બી. એડ. (માનસિક અશક્તતા) પદવી ધરાવતો હોવો જોઈશે અથવા ભારત પુનર્વસવાટ પરિષદ (Rehabilitation Council of India) એ માન્ય કરેલી સંસ્થામાંથી સ્પેશ્યલ એજ્યુકેશન (માનસિક અશક્તતા)માં મેળવેલ ડિપ્લોમાં ધરાવતો હોવો જોઈશે;

(ઘ) અપંગ બાળકો માટેનું ગૃહ,-

ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બી. એડ. - ની પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. પસંદ થયેલા ઉમેદવારે એક વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. પસંદ થયેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. પસંદ થયેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. પસંદ થયેલા ઉમેદવારે, ભારત પુનર્વસવાટ પરિષદ અધિનિયમ, ૧૯૯૨ હેઠળ, ભારત પુનર્વસવાટ પરિષદમાં પોતાના નામની નોંધણી કરાવેલ ન હોય, તો સીધી પસંદગી માટેની પોતાની અરજી કરતી વખતે, તેણે આ રીતે પોતાના નામની નોંધણી કરાવવાની રહેશે.

૮. પસંદ થયેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. પસંદ થયેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરાં પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એલ. ભગોરા,
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.